# || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ અપરૂપશક્તિને નમ: || (૫૮)

## અદભૂત દૈવી શક્તિ (ધરાવતાં) શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

અપરૂપ શક્તિ એટલે અલભ્ય, વૈશિષ્ઠયપૂર્ણ અને આનંદદાયક શક્તિ.

ભગવાન શ્રી સત્યસાઇબાબા એ શિવશક્તિ રૂપ છે. માનવ જન્મ ધારણ કરતા પહેલાં તેમણે શુભ સંકેત આપીને પોતાના આગમનની પૂર્વસૂચના આપી હતી. જન્મ લીધા પછી અને ત્યારપછી બાળપણથી જ તેમણે અનેક ચમત્કાર કર્યા છે. સાક્ષાત્કાર, પરોપકાર અને ચમત્કાર આ ઈશ્વરી અવતારમાંના ગુણ વિશેષ તેમનામાં ત્યારથી જ દેખાતા હતા.

ઐશ્વર્ય, કીર્તિ, જ્ઞાન, વૈરાગ્ય, સૃષ્ટિ, સ્થિતિ અને લય આ કેવળ ભગવાનમાં જ હોવાવાળા સાત લક્ષણો સ્વામીમાં જોવા મળે છે.

તેમના કેવળ સંકલ્પથી જ તેમણે અનેક ચમત્કાર સિદ્ધ કર્યા છે કે જે, વિજ્ઞાનની સમજની અને નિયંત્રણની બહાર છે. પછી તે મૃત વ્યક્તિને સજીવ કરવાનું હોય, અથવા વિદ્યા, આરોગ્ય પ્રદાન કરવાવાળી પ્રચંડ સંસ્થા ઊભી કરવાનું કામ હોય. આ બધી વસ્તુઓ સ્વામીના કેવળ સંકલ્પથી જ પ્રત્યક્ષ અસ્તિત્વમાં આવી છે.

તેમની આ અલભ્ય, વૈશિષ્ઠયપૂર્ણ તથા આનંદદાયક શક્તિની કેવળ એક ઝલક બતાવતી આ બે ઘટના.

સ્વામીના એક મોટા પરમ ભક્ત શ્રી. પાંડુરંગ દીક્ષિત એકવાર દશેરા મહોત્સવ માટે સહકુટુંબ પુટ્ટપર્તિ ગયા હતા. પ્રાત: કાળે થનારા નગર સંકીર્તનમાં તેમની પુત્રી જયોત્સના ખૂબ આનંદથી ભાગ લેતી હતી. એક દિવસ પરોઢે તેને ઉઠાડવા માટે તેની બહેનપણીઓ આવી ત્યારે તેણે તેમને કહ્યું-"મને આજે એક સુંદર સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં સ્વામીએ એક સ્ફટિકની માળા ઉદ્ભવ કરીને મારા ગળામાં પહેરાવી" તે દિવસે સવારે સ્વામીએ દીક્ષિત કુટુંબને મુલાકાત માટે બોલાવ્યા. જયોત્સના દિક્ષિતને સ્વપ્નમાં જેવી માળા આપી હતી, તેવી જ ઉદભવ કરીને આપી અને બોલ્યા-"સપના સચ હુઆ".

આ ઘટના પરથી એક વાત ધ્યાનમાં આવે છે કે, કેવળ જાગૃતાવસ્થામાં જ નહીં, પણ સ્વપ્નાવસ્થામાં પણ આપણા પર નિયંત્રણ રાખનારા સ્વામી, એ અદ્ભુત દૈવી શક્તિ હોવાવાળા (ધરાવતા) અવતાર મૂર્તિ છે.

બીજું એક ઉદાહરણ છે વોલ્ટર કોવનનું. મદ્રાસની હોસિપટલમાં હાર્ટએટેકના તીવ્ર ધક્કાથી મૃત્યુમુખે પડેલા કોવનને શ્રીમતી એલ્સી કોવન અને શ્રીમતી રતનલાલે અન્ય લોકોની મદદથી હોસ્પિટલમાં દાખલ કર્યા. ત્યાં ડૉક્ટરોએ તેમને મૃત ઘોષિત કર્યા અને તેમના નાક-કાનમાં રૂ નાંખીને કપડાથી ઢાંકીને તેમને બાજુના કક્ષમાં સુવાડ્યા. તે દિવસ હતો ૨૫ ડિસેંબર ૧૯૭૧ ની સવારનો. શ્રીમતી કોવનની પ્રાર્થનાનો પ્રતિસાદ આપીને સ્વામી તે હોસ્પિટલમાં ગયા અને તેમણે શ્રી. કોવનને પુનઃજીવિત કર્યા. ડૉક્ટરે મૃત ઘોષિત કરેલા શ્રી. કોવન ફરીથી જીવિત થયા. પરંતુ પ્રત્યક્ષ રીતે તે વખતે સ્વામી એક સભામાં ઉપદેશ કરતા હતા. શ્રી. કોવન જીવિત થયા પછી જ્યારે તેમનું ચેકઅપ કરવામાં આવ્યું ત્યારે એવું ધ્યાનમાં આવ્યું કે, તેમને પહેલા જે ગંભીર સ્વરૂપનો મધુમેહ હતો અને અન્ય બીમારી હતી તેનું હવે નામોનિશાન પણ રહ્યું નહોતું. તેનો અર્થ સ્વામીએ કેવળ વોલ્ટર કોવનને પુનર્જન્મ આપ્યો હતો, તેમના રોગોને નહીં. જે રોગ તેમના મૃત્યુ સાથે જ નાશ પામ્યા હતા અને આ જે કાંઈ થયું તે કેવળ અભુત દેવી શક્તિ ધરાવનારા સ્વામીને લીધે જ.

||ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||